માધ્યમિક શાળામાં શિક્ષકોનું પ્રમાણ

ગુજરાત સરકાર,
શિક્ષણ વિભાગ,
ઠરાવ ક્રમાંક : જીએસી-૧૦૭૭-૫૦૭૭૭-ગ,
સચિવાલય, ગાંધીનગર.
તારીખ : ૬-૮-૧૯૭૭.

વંચાણમાં લીધા :- (૧) શિક્ષણ અને મજુર વિભાગનો સરકારી ઠરાવ નં. : જીસીસી-૧૦૬૮/૯૩૨૭૩-જી, તા.૨-૧૧-'૬૮.

(૨) શિક્ષણ અને મજુર વિભાગનો સરકારી ઠરાવ નં.: ઇડીએસ-૯૧૬૫/૧૭૫૯૭-બી, તા.૨૮-૫-'૭૬.

(૩) શિક્ષણ અને મજુર વિભાગની અધિસૂચના ક્રમાંક : જીએચ-૩૦-એસઇએ-૧૦૭૩/૧૧૯૯૯-જી, તા.૧૬-૩-'૭૪.

(૪) શિ.વિ.નો પત્ર નં. એસએસએ-૫૦૭૭/૩૫૬૯૩-ગ, તા.૭-૬-'૭૭.

બિન સરકારી માધ્યમિક શાળાઓમાં અંશકાલીન શિક્ષકોની પ્રથા નાબૂદ કરવાનો પ્રશ્ન છેલ્લા કેટલાક સમયથી સરકારની વિચારણામાં હતો અને તે પરત્વે કાળજીપૂર્વકની વિચારણા બાદ સરકારે બિન સરકારી માધ્યમિક શાળાના શૈક્ષણિક સ્ટાફનું પ્રમાણ ચાલુ શૈક્ષણિક વર્ષ એટલે કે ૧૯૭૭-'૭૮ ના વર્ષથી નીચે મુજબ રાખવાનું ઠરાવ્યું છે.

ઠરાવ : બિન સરકારી માધ્યમિક શાળાઓ માટેના ગ્રાન્ટ- ઇન -એઇડ કોડની કલમ ૫૫.૧ ને નીચે દર્શાવ્યા પ્રમાણે ૧૯૭૭-'૭૮ ના વર્ષથી તાત્કાલિક અમલથી સુધારવાનું આથી સરકાર ઠરાવે છે.

૫૫.૧ : શાળાનું કદ, વૈકલ્પિક અભ્યાસક્રમોની વ્યવસ્થા અને શીખવાતા વૈકલ્પિક વિષયો પ્રમાણે શાળાઓ પૂરતી સંખ્યામાં અને જરૂરી લાયકાત ધરાવતા શિક્ષકો રાખવાના રહેશે. શિક્ષકોની સંખ્યા અને વર્ગો વચ્ચેનું પ્રમાણ નીચે પ્રમાણેનું રહેશે.

| વર્ગોની સંખ્યા | શિક્ષકોની સંખ્યા | વર્ગોની સંખ્યા | શિક્ષકોની સંખ્યા | વર્ગોની સંખ્યા | શિક્ષકોની સંખ્યા |
|---|---|---|---|---|---|
| ૧ | ૧-૧/૨ | ૫ | ૭ | ૯ | ૧૩ |
| ૨ | ૩ | ૬ | ૯ | ૧૦ | ૧૫ |
| ૩ | ૫ | ૭ | ૧૦ | ૧૧ | ૧૬ |
| ૪ | ૬ | ૮ | ૧૨ | ૧૨ | ૧૮ |

૨. ઉપર જણાવેલ સંખ્યાના લીધે ૫, ૭ કે ત્યાર પછીના એકી સંખ્યાના વર્ગોવાળી શાળાઓમાં ફાજલ પડતા ૧/૨ (અર્ધા) શિક્ષકને છુટો કરવાનો નથી. પરંતુ, શાળાના વિકાસ સાથે વર્ગો વધતા તે લેવા શિક્ષકને નિયમિત પુર્ણકાલીન શિક્ષક તરીકે સમાવવાનો રહેશે.

૩. સરકારશ્રી એમ પણ ઠરાવે છે કે શાળાના પ્રથમ વર્ગ માટે મળતાં દોઢ શિક્ષક પૈકીના અર્ધા શિક્ષકને બીજો વર્ગ શરૂ થતાં તેને પૂર્ણકાલીન શિક્ષક બનાવવાના રહેશે.

૪. આ હુકમો સરખા ક્રમાંકની ફાઇલ ઉપર નાણા વિભાગે તા.૨૯-૭-'૭૭ ના રોજ આપેલ સંમતિથી બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમ અને તેમના નામે,

વી.આર.રાણા
સેકશન અધિકારી,
શિક્ષણ વિભાગ.